સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 11

[MAR - 2020]

[08/03/20 to 14/03/20]


સંપાદક

મૌલિક ગોંધિયા

(Director - ICE)



ICE CURRENT NEWS

કરંટ અફેર્સની તૈયારી હવે વધુ સરળ અને ઝડપી બનાવવા આજે જ સબસ્ક્રાઈબ કરો અમારી YouTube ચેનલ

YouTube

ICE RAJKOT

SUBSCRIBE

દરેક નવા વીડિયોના NOTIFICATION માટે BELL icon PRESS કરો.


## CURRENT TOPICS

- WHO એ કોરોનાને વૈશ્વિક મહામારી જાહેર કરી
- 15 મહિલાઓને વર્ષ 2019ના ‘નારી શક્તિ એવોર્ડ’ એનાયત
- નાણાકીય વર્ષ 2019-20ના ત્રીજા ક્વાર્ટરમાં ભારતનો GDP વૃદ્ધિ દર 4.7 ટકા
- ભારતને પરાજય આપી ઓસ્ટ્રેલિયાએ પાંચમી વખત મહિલા ટી-20 વર્લ્ડ કપ જીત્યો
- ભારત વિશ્વનો 23મો સૌથી મોટો હથિયારોની નિકાસ કરતો દેશ : SIPRI
- The Inclusive Internet Index 2020માં ભારત 46મા ક્રમે


WWW.ICEONLINE.IN

9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :

Telegram : t.me/icerajkotofficial

Instagram : icerajkot

**08 MARCH, 2020 SUNDAY**

## ➤ દિવસ મહિમા : 8 માર્ચ, આંતરરાષ્ટ્રીય મહિલા દિન (International Women's Day)

સમગ્ર વિશ્વમાં દર વર્ષે **8 માર્ચ**ના રોજ **આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ**ની ઉજવણી કરવામાં આવે છે.

- મહિલા અધિકારોના આંદોલનની યાદ અપાવવા માટે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- આ ઉપરાંત આ દિવસની ઉજવણીનો અન્ય હેતુ વિશ્વની અડધી જનસંખ્યા એટલે કે નારીના ઉત્કર્ષ માટે લોકજાગૃતિ લાવવાનો છે.
- 8 માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવા માટે સૌપ્રથમ સૂચન **1910**માં **ઈન્ટરનેશનલ સોશિયાલિસ્ટ વુમન કોન્ફરન્સ** દ્વારા કરવામાં આવ્યું હતું.
- રશિયામાં 1917માં મહિલાઓને મતાધિકાર આપવામાં આવ્યો હતો. ત્યારબાદ **રશિયામાં 8 માર્ચ રાષ્ટ્રીય રજા** બની હતી.
- **સંયુક્ત રાષ્ટ્ર (યુનાઈટેડ નેશન્સ)** દ્વારા **1975**માં 8 માર્ચનો આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે સ્વીકાર કરવામાં આવ્યો હતો.
- એ અગાઉ **વિવિધ સમાજવાદી આંદોલનો** અને **સામ્યવાદી દેશો** દ્વારા 8 માર્ચના રોજ મહિલા દિવસની ઉજવણી થતી હતી.

### વર્ષ 2020ની 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'ની થીમ

યુનાઈટેડ નેશન્સ દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ **2020**ની 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'ની થીમ **'I am Generation Equality : Realizing Women's Rights'** છે.

**નોંધ :** 8 માર્ચ, 2020ના રોજ 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' નિમિત્તે **7 મહિલાઓ**એ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી પોતાના અનુભવો શેર કર્યા હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ➢ 15 મહિલાઓને વર્ષ 2019ના 'નારી શક્તિ એવોર્ડ' એનાયત

8 માર્ચ, 2020ને **'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'**ના રોજ ભારતના રાષ્ટ્રપતિ **શ્રી રામનાથ કોવિંદે** રાષ્ટ્રપતિ ભવનના સાંસ્કૃતિક કેન્દ્ર ખાતે આયોજિત સમારોહમાં **15 મહિલાઓ**ને **વર્ષ 2019**ના **'નારી શક્તિ એવોર્ડ'**થી સન્માનિત કર્યા હતા.

### નારી શક્તિ એવોર્ડ

'નારી શક્તિ એવોર્ડ' એ **ભારતનો સર્વોચ્ચ મહિલા પુરસ્કાર** છે.

- ભારતમાં ભારત સરકારના **મહિલા અને બાળ વિકાસ મંત્રાલય** તરફથી ભારતના **રાષ્ટ્રપતિ** દ્વારા **8 માર્ચ 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'**ના રોજ આ પુરસ્કાર એનાયત થાય છે.
- ભારતમાં મહિલા સશક્તિકરણ અને સામાજિક કલ્યાણમાં મહત્ત્વનું યોગદાન આપનાર મહિલાઓને આ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવે છે.

### એવોર્ડનો પ્રારંભ

ભારતમાં વર્ષ **1991**થી **'સ્ત્રી શક્તિ પુરસ્કાર'**નો પ્રારંભ થયો હતો.

- વર્ષ **1999**થી આ 'સ્ત્રી શક્તિ પુરસ્કાર'નું નામ બદલીને **'નારી શક્તિ પુરસ્કાર'** કરવામાં આવ્યું છે.



### કઈ કેટેગરીમાં આ એવોર્ડ એનાયત થાય છે ?

**નારી શક્તિ પુરસ્કાર** મુખ્ય બે ભાગમાં એનાયત થાય છે :

**(1) Institutional** અને **(2) Individual Women**

- જેમાંથી **Individual Women** અંતર્ગત **2 કેટેગરી**માં આ પુરસ્કાર એનાયત થાય છે.
- જ્યારે **Institutional** અંતર્ગત નીચેની **6 કેટેગરી**માં આ પુરસ્કાર એનાયત થાય છે :

| | |
|---|---|
| (1) દેવી અહિલ્યા બાઈ હોલ્કર એવોર્ડ | (2) કન્નગી દેવી એવોર્ડ |
| (3) માતા જીજાબાઈ એવોર્ડ | (4) રાણી ગૈડિનલ્યુ ઝેલિયાંગ એવોર્ડ |
| (5) રાણી લક્ષ્મીબાઈ એવોર્ડ | (6) રાણી રૂદ્રદામાદેવી એવોર્ડ |

## પુરસ્કાર અંતર્ગત રકમ

નારી શક્તિ પુરસ્કાર અંતર્ગત પુરસ્કાર વિજેતાને 1 લાખ રૂપિયા રોકડા અને એક પ્રમાણપત્ર આપવામાં આવે છે.

## વર્ષ 2019ના નારી શક્તિ એવોર્ડ વિજેતા

વર્ષ 2019ના નારી શક્તિ એવોર્ડ વિજેતામાંથી કેટલીક પ્રસિદ્ધ મહિલાઓના નામ આ પ્રમાણે છે :

| ક્રમ | નામ | વિશેષતા |
|---|---|---|
| 1 | સુશ્રી માન કૌર | 93 વર્ષની ઉંમર બાદ એથ્લેટિક્સમાં 4 ગોલ્ડ મેડલ વિજેતા મહિલા |
| 2 | સુશ્રી આરિફા જાન | જમ્મુ કાશ્મીરમાં નુમ્ધા હેન્ડી-ક્રાફ્ટના સ્થાપક મહિલા |
| 3 | સુશ્રી મોહના સિંહ, સુશ્રી ભાવના કાન્ત અને સુશ્રી અવની ચતુર્વેદી | ભારતીય વાયુસેનાના પ્રથમ મહિલા ફાઈટર પાયલટ |
| 4 | સુશ્રી બીના દેવી | બિહારમાં મશરુમની ખેતીને લોકપ્રિય બનાવનાર, 'મશરુમ મહિલા' તરીકે પ્રસિદ્ધ |
| 5 | સુશ્રી કલાવતી દેવી | ઉત્તરપ્રદેશના કાનપુર જિલ્લાને ખુલ્લામાં શૌચથી મુક્ત બનાવવામાં મહત્ત્વની ભૂમિકા નીભાવનાર મહિલા |
| 6 | સુશ્રી ચામી મુર્મૂ | ઝારખંડના પ્રસિદ્ધ પર્યાવરણ ચળવળ કર્તા, અન્યોના સહયોગથી 25 લાખથી વધુ વૃક્ષો વાવ્યા |

## ➤ નાણાકીય વર્ષ 2019-20ના ત્રીજા ક્વાર્ટરમાં ભારતનો GDP વૃદ્ધિ દર 4.7 ટકા

CSOના જણાવ્યા અનુસાર નાણાકીય વર્ષ 2019-20ના ત્રીજા ત્રિમાસિક ગાળામાં એટલે કે ઓક્ટોબરથી ડિસેમ્બર 2019 દરમિયાન ભારતનો GDP વૃદ્ધિ દર 4.7 ટકા રહેવાનો અંદાજ છે.

- જે ભારતનો છેલ્લા સાત વર્ષનો સૌથી નીચો GDP વૃદ્ધિ દર છે.
- ભારતમાં આ અગાઉ નાણાકીય વર્ષ 2019-20ના પ્રથમ અને બીજા ક્વાર્ટરમાં અનુક્રમે 5 ટકા અને 4.5 ટકા GDP વૃદ્ધિ દર રહેવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો હતો.
- જોકે, તેને સંશોધિત કરીને સરકારે નાણાકીય વર્ષ 2019-20ના પ્રથમ ક્વાર્ટરમાં 5 ટકાની જગ્યાએ 5.6 ટકા અને બીજા ક્વાર્ટરમાં 4.5 ટકાની જગ્યાએ 5.1 ટકા GDP વૃદ્ધિ દર રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો છે.

### 2019-20માં ભારતનો GDP વૃદ્ધિ દર

| ક્વાર્ટર | સમયગાળો | પ્રાથમિક અંદાજ | સંશોધિત અંદાજ |
|---|---|---|---|
| પ્રથમ | એપ્રિલથી જૂન 2019 | 5.0 ટકા | 5.6 ટકા |
| બીજું | જુલાઈથી સપ્ટેમ્બર 2019 | 4.5 ટકા | 5.1 ટકા |
| ત્રીજું | ઓક્ટોબરથી ડિસેમ્બર 2019 | 4.7 ટકા | – |
| ચોથું | જાન્યુઆરીથી માર્ચ 2020 | – | – |

**નોંધ :** GDPનું પૂરું નામ Gross Domestic Product એટલે કે કુલ ઘરેલુ ઉત્પાદન છે.

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## CSO

CSOનું પૂરું નામ Central Statistics Office છે.

- આ સંસ્થા ભારતમાં આંકડાકીય પ્રવૃત્તિઓનું સંકલન અને ભારતમાં આંકડાકીય માહિતીની જાળવણી કરે છે.
- તથા તે આંકડાકીય ધોરણો વિકસાવવાનું પણ કાર્ય કરે છે.
- CSOનું વડું મથક નવી દિલ્હી ખાતે આવેલું છે.
- તે ભારત સરકારના Ministry of Statistics and Programme Implementation (આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય) અંતર્ગત કાર્ય કરે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ICE Questions

1. 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 6 માર્ચ (B) 7 માર્ચ (C) 8 માર્ચ (D) 9 માર્ચ **(C)**

2. વર્ષ 2020ની 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'ની થીમ શું છે ?
(A) I am Generation Equality : Realizing Women's Freedoms
(B) I am Generation Equality : Realizing Women's Rights
(C) I am Generation Equality : Realizing Women's Empowerment
(D) ત્રણમાંથી કોઈ નહિ **(B)**

3. 8 માર્ચ, 2020ના રોજ 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' નિમિત્તે કેટલી મહિલાઓએ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી પોતાના અનુભવો શેર કર્યા હતા ?
(A) 5 (B) 7 (C) 10 (D) 12 **(B)**

4. તાજેતરમાં 8 માર્ચ, 2020ના રોજ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ દ્વારા કુલ કેટલા 'નારી શક્તિ એવોર્ડ' વિજેતાઓને સન્માનિત કરવામાં આવ્યા છે ?
(A) 5 (B) 10 (C) 15 (D) 20 **(C)**

5. ભારતનો સર્વોચ્ચ મહિલા પુરસ્કાર 'નારી શક્તિ એવોર્ડ' અગાઉ કયા નામે ઓળખાતો હતો ?
(A) શ્રી શક્તિ પુરસ્કાર (B) મહિલા શક્તિ પુરસ્કાર
(C) સ્ત્રી શક્તિ પુરસ્કાર (D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

6. ભારતમાં 'નારી શક્તિ એવોર્ડ' અંતર્ગત એનાયત થતી કુલ 6 Institutional કેટેગરીમાં નીચેનામાંથી કયા એવોર્ડનો સમાવેશ થતો નથી ?
(A) દેવી કલ્લીગન એવોર્ડ (B) કન્નગી દેવી એવોર્ડ
(C) રાણી રૂદ્રદામા દેવી એવોર્ડ (D) માતા જીજાબાઈ એવોર્ડ **(A)**

7. નાણાકીય વર્ષ 2019-20ના ત્રીજા ક્વાર્ટરમાં ભારતનો GDP વૃદ્ધિ દર કેટલા ટકા છે ?
(A) 4.5 (B) 4.7 (C) 5.1 (D) 5.6 **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 09 MARCH, 2020 MONDAY

### ➤ કેન્દ્ર સરકારે BPCLમાંનો પોતાનો 52.98 ટકા હિસ્સો વેચવા માટે બોલી મંગાવી

7 માર્ચ, 2020ના રોજ ભારતમાં કેન્દ્ર સરકારે BPCLમાંનો પોતાનો 52.98 ટકા હિસ્સો વેચવા માટે વિવિધ કંપનીઓ પાસેથી બીડ (એટલે કે બોલી) મંગાવી છે.

- નાણાકીય વર્ષ 2020-21 દરમિયાન ભારતમાં ડિસઈન્વેસ્ટમેન્ટ દ્વારા કેન્દ્ર સરકારે 2.1 લાખ કરોડ રૂપિયા એકત્ર કરવાનું લક્ષ્યાંક રાખ્યું છે.
- આથી, પોતાનું આ લક્ષ્યાંક પૂર્ણ કરવા માટે BPCLમાંનો પોતાનો હિસ્સો વેચવાનો કેન્દ્ર સરકારે નિર્ણય કર્યો છે.
- આ અંતર્ગત 10 અબજ ડોલરથી વધુની નેટવર્થ ધરાવતી કોઈ પણ ખાનગી કંપની BPCL ખરીદવા માટે બોલી લગાવી શકે છે.

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- જોકે, આ એક ખાનગીકરણની પ્રક્રિયા હોવાથી કોઈ પણ સરકારી કંપની BPCLને ખરીદવા માટે બોલી લગાવી શકશે નહિ.
- સરકારે કરેલી જાહેરાત અનુસાર BPCLનો 52.98 ટકા હિસ્સો ખરીદનાર કંપનીને BPCLનું સંચાલન પણ સોંપી દેવામાં આવશે.

**નોંધ :** (1) ભારતમાં સરકારની માલિકીની નુમાલીગઢ રિફાઈનરી લિમિટેડમાં BPCL 61.65 ટકા હિસ્સો ધરાવે છે.
(2) નુમાલીગઢ રિફાઈનરીમાંનો BPCLનો આ હિસ્સો ભારત સરકારની માલિકીની અન્ય ઓઈલ અને ગેસ કંપનીને વેચવામાં આવશે.

### BPCL

BPCLનું પૂરું નામ Bharat Petroleum Corporation Limited છે.

- BPCL ભારતની બીજી સૌથી મોટી ઓઈલ રિફાઈનિંગ કંપની છે.
- ભારતમાં કોચી અને મુંબઈ ખાતે તેની બે વિશાળ રિફાઈનરીઓ આવેલી છે.
- તેનું વડુ મથક મહારાષ્ટ્રના મુંબઈ ખાતે આવેલું છે.
- હાલ BPCL તરીકે ઓળખાતી આ કંપનીની શરૂઆત બ્રિટિશ શાસન દરમિયાન થઈ હતી.
- એ સમયે તેનો પ્રારંભ Rangoon Oil and Exploration Company તરીકે થયો હતો.
- ત્યારબાદ અનેક પરિવર્તનોને અંતે 1976માં તેનું રાષ્ટ્રીયકરણ થયું હતું.
- અને ત્યારબાદ 1 ઓગસ્ટ, 1977થી તે BPCL તરીકે ઓળખાય છે.

## ➤ મહિલા ટી-20 વર્લ્ડ કપ 2020ની ફાઈનલમાં ભારતને પરાજય આપી ઓસ્ટ્રેલિયાએ પાંચમી વખત ટી-20 વર્લ્ડ કપ જીત્યો

તાજેતરમાં 21 ફેબ્રુઆરીથી 8 માર્ચ 2020 દરમિયાન ઓસ્ટ્રેલિયા ખાતે ICC મહિલા ટી-20 ક્રિકેટ વર્લ્ડ કપ 2020નું આયોજન થયું હતું.

- વર્ષ 2020માં યોજાયેલો આ 7મો ICC મહિલા ટી-20 ક્રિકેટ વર્લ્ડ કપ હતો.
- આ વર્લ્ડ કપમાં કુલ 10 ટીમોએ ભાગ લીધો હતો.

### વર્લ્ડ કપની ફાઈનલ મેચ

આ વર્લ્ડ કપની ફાઈનલ મેચમાં ભારતને 85 રનથી પરાજય આપીને ઓસ્ટ્રેલિયાએ આ વર્લ્ડ કપ સતત બીજી વખત અને કુલ પાંચમી વખત જીતી લીધો છે.

- ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન ખાતે આવેલા મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પર આ વર્લ્ડ કપની ફાઈનલ મેચ યોજાઈ હતી.
- જેમાં ઓસ્ટ્રેલિયાના સુશ્રી એલિસા હીલી 'પ્લેયર ઓફ દ મેચ' જાહેર થયા હતા.

### સેમી ફાઈનલ મેચ

આ વર્લ્ડ કપની ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચેની સેમી ફાઈનલ મેચ વરસાદને કારણે રદ થઈ હતી.

- જોકે, ભારત A Groupમાં ટોપ પર હોવાથી ભારતનો ફાઈનલમાં સીધો જ પ્રવેશ થઈ ગયો હતો.
- ICC મહિલા ટી-20 વર્લ્ડ કપની ફાઈનલમાં ભારતીય ટીમ પહોંચી હોય તેવી આ પ્રથમ ઘટના હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વર્લ્ડ કપની પ્રથમ મેચ

21 ફેબ્રુઆરી, 2020ના રોજ **ઓસ્ટ્રેલિયા**ના **સીડની** ખાતે **ભારત અને ઓસ્ટ્રેલિયા** વચ્ચે આ વર્લ્ડ કપની **પ્રથમ** મેચ રમાઈ હતી.

- જેમાં **ભારત**નો 17 રને વિજય થયો હતો.

## વર્લ્ડ કપમાં એવોર્ડ

ICC ટી-20 ક્રિકેટ વર્લ્ડ કપ 2020માં મુખ્ય એવોર્ડ વિજેતા મહિલા ક્રિકેટરોના નામ આ પ્રમાણે છે :

| ક્રમ | એવોર્ડ | વિજેતા | દેશ |
|---|---|---|---|
| 1 | પ્લેયર ઓફ ધ સિરીઝ | સુશ્રી બેથ મૂની | ઓસ્ટ્રેલિયા |
| 2 | સૌથી વધુ રન (259) | સુશ્રી બેથ મૂની | ઓસ્ટ્રેલિયા |
| 3 | સૌથી વધુ વિકેટ (13) | સુશ્રી મેગન શટ | ઓસ્ટ્રેલિયા |

**નોંધ :** (1) આ વર્લ્ડ કપમાં **ભારતીય ટીમ**ના કપ્તાન **સુશ્રી હરમનપ્રીત કૌર** હતા.
(2) જ્યારે **ઓસ્ટ્રેલિયા**ની ટીમના કેપ્ટન **સુશ્રી મેગ લેનિંગ** છે.
(3) **સુશ્રી મેગ લેનિંગ** ICC મહિલા ટી-20 વર્લ્ડ કપ **ત્રણ વખત** (2014, 2018, 2020) જીતનાર **પ્રથમ મહિલા કેપ્ટન** છે.

## ICC Women's ટી-20 વર્લ્ડ કપ

ICC Women's ટી-20 ક્રિકેટ વર્લ્ડ કપનો પ્રારંભ વર્ષ **2009**થી થયો હતો.

- વર્ષ 2009 બાદ વર્ષ **2010**થી આ વર્લ્ડ કપ **દર બે વર્ષે** યોજાય છે.
- વર્ષ **2020** સુધીમાં કુલ **સાત વખત** આ વર્લ્ડ કપનું આયોજન થયું છે.
- તેમાંથી **ઓસ્ટ્રેલિયા**એ સૌથી વધુ **5 વખત** આ વર્લ્ડ કપ જીત્યો છે.
- **ઓસ્ટ્રેલિયા** ઉપરાંત **ઈંગ્લેન્ડ અને વેસ્ટ ઈન્ડિઝે** આ વર્લ્ડ કપ **1-1** વખત જીત્યો છે.
- ભારત હજી સુધી એક પણ વખત આ વર્લ્ડ કપ જીતી શક્યું નથી.
- વર્ષ **2016**માં **ભારતમાં** આ વર્લ્ડ કપનું આયોજન થયું હતું.
- હવે પછી વર્ષ **2022**માં **સાઉથ આફ્રિકા**માં આ વર્લ્ડ કપ યોજાશે.

### ICC Women's ટી-20 વર્લ્ડ કપ

| ક્રમ | વર્ષ | યજમાન | વિજેતા | રનર્સ અપ |
|---|---|---|---|---|
| 1st | 2009 | ઈંગ્લેન્ડ | ઈંગ્લેન્ડ | ન્યુઝીલેન્ડ |
| 6th | 2018 | વેસ્ટ ઈન્ડિઝ | ઓસ્ટ્રેલિયા | ઈંગ્લેન્ડ |
| 7th | 2020 | ઓસ્ટ્રેલિયા | ઓસ્ટ્રેલિયા | ભારત |
| 8th | 2022 | સાઉથ આફ્રિકા | – | – |

**નોંધ :** **ICC**નું પૂરું નામ **International Cricket Council** છે.

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➤ ભારતના સુશ્રી શેફાલી વર્મા મહિલા ટી-20 વર્લ્ડ કપની ફાઈનલમાં રમનાર સૌથી યુવા ખેલાડી બન્યા




ભારતના **સુશ્રી શેફાલી વર્મા** મહિલા ટી-20 વર્લ્ડ કપની ફાઈનલ મેચ રમનાર **વિશ્વના સૌથી યુવા ખેલાડી** બની ગયા છે.

- 8 માર્ચ, 2020ના રોજ **ઓસ્ટ્રેલિયા**ના **મેલબોર્ન** ખાતે યોજાયેલી **ભારત અને ઓસ્ટ્રેલિયા** વચ્ચેની મહિલા ટી-20 વર્લ્ડ કપ 2020ની ફાઈનલ મેચમાં ભાગ લઈને 16 વર્ષ અને 40 દિવસના સુશ્રી શેફાલી વર્માએ આ સિદ્ધિ મેળવી છે.
- આ અગાઉ આ રેકોર્ડ **વેસ્ટ ઈન્ડિઝ**ના મહિલા ક્રિકેટર **સુશ્રી શકાના ક્વિન્ટિન**ના નામે હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### સુશ્રી શેફાલી વર્મા

સુશ્રી શેફાલી વર્મા **હરિયાણા**ના મહિલા ક્રિકેટર છે.

- તેમનો જન્મ 28 જાન્યુઆરી, 2004ના રોજ હરિયાણાના **રોહતક** ખાતે થયો હતો.
- તેઓ **આંતરરાષ્ટ્રીય ટી-20 ક્રિકેટ મેચ** રમનાર **ભારતના સૌથી યુવા મહિલા ખેલાડી** છે.
- આ ઉપરાંત તેઓ ઈન્ટરનેશનલ ક્રિકેટમાં **અડધી સદી (Half-century)** ફટકારનાર **ભારતના સૌથી યુવા મહિલા ખેલાડી** છે.



## ICE Questions

1. કેન્દ્ર સરકારે કઈ ઓઈલ કંપનીમાંનો પોતાનો હિસ્સો વેચવા માટે બીડ મંગાવી છે ?
(A) ONGC (B) GAIL India Ltd (C) HPCL (D) BPCL — (D)

2. કેન્દ્ર સરકારે BPCLનો કેટલા ટકા હિસ્સો વેચવા માટે બોલી મંગાવી છે ?
(A) 50.98 ટકા (B) 51.98 ટકા (C) 52.98 ટકા (D) 53.98 ટકા — (C)

3. BPCLના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. તેનું પૂરું નામ Bharat Petroleum Corporation Limited છે.
2. તેનું વડું મથક મુંબઈ ખાતે આવેલું છે.
3. તે નુમાલીગઢ રિફાઈનરીમાં 61.65 ટકા હિસ્સો ધરાવે છે.
(A) 1, 2, 3 (B) 1, 2 (C) 1, 3 (D) 2, 3 — (A)

4. વર્ષ 2020માં મહિલા ટી-20 વર્લ્ડ કપ વિજેતા ટીમનું નામ શું છે ?
(A) ભારત (B) ઓસ્ટ્રેલિયા (C) ઈંગ્લેન્ડ (D) સાઉથ આફ્રિકા — (B)

5. ફાઈનલમાં ભારતને પરાજય આપીને ઓસ્ટ્રેલિયાએ કેટલામી વખત મહિલા ટી-20 વર્લ્ડ કપ 2020 જીતી લીધો છે ?
(A) સતત બીજી વખત અને કુલ ત્રીજી વખત (B) સતત બીજી વખત અને કુલ ચોથી વખત
(C) સતત બીજી વખત અને કુલ પાંચમી વખત (D) સતત બીજી વખત અને કુલ છઠ્ઠી વખત — (C)

6. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની મહિલા ટી-20 વર્લ્ડ કપ 2020ની ફાઈનલ મેચ કયા સ્ટેડિયમ પર યોજાઈ હતી ?
(A) સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ (B) એડેલેઈડ ઓવલ
(C) મરારા ઓવલ (D) મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ — (D)

7. ICC મહિલા ટી-20 વર્લ્ડ કપ 2020ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. આ વર્લ્ડ કપ દરમિયાન મહિલા ટી-20 વર્લ્ડ કપમાં ભારતીય ટીમનો પ્રથમ વખત ફાઈનલમાં પ્રવેશ થયો હતો.
2. ભારતે ઈંગ્લેન્ડને 3 વિકેટે પરાજય આપીને ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.
(A) 1 અને 2 (B) ફક્ત 1 (C) ફક્ત 2 (D) બેમાંથી એકપણ નહિ — (B)

8. કયા દેશ સામેની સેમી ફાઈનલ મેચ વરસાદને કારણે રદ થતા મહિલા ટી-20 વર્લ્ડ કપ 2020ની ફાઈનલમાં ભારતનો સીધો જ પ્રવેશ થયો હતો ?
(A) ઈંગ્લેન્ડ (B) ન્યુઝીલેન્ડ (C) સાઉથ આફ્રિકા (D) શ્રીલંકા — (A)

9. મહિલા ટી-20 વર્લ્ડ કપ 2020માં ભારતીય ટીમના કપ્તાન કોણ હતા ?
(A) સુશ્રી મિતાલી રાજ (B) સુશ્રી ઝુલન ગોસ્વામી
(C) સુશ્રી પૂનમ યાદવ (D) સુશ્રી હરમનપ્રીત કૌર — (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

10. મહિલા ટી-20 વર્લ્ડ કપના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
    1. વર્ષ 2020માં ઈંગ્લેન્ડમાં આ વર્લ્ડ કપ યોજાયો હતો.
    2. વર્ષ 2020માં યોજાયેલો આ 7મો વર્લ્ડ કપ હતો.
    3. વર્ષ 2010થી દર 2 વર્ષે આ વર્લ્ડ કપ યોજાય છે.
    4. હવે પછી 2022માં ન્યુઝીલેન્ડમાં આ વર્લ્ડ કપ યોજાશે.

    (A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 1, 2, 3 (D) 2, 3 **(D)**

11. મહિલા ટી-20 વર્લ્ડ કપની ફાઈનલ મેચ રમનાર વિશ્વના સૌથી યુવા ખેલાડી કોણ છે ?
    (A) સુશ્રી બેથ મૂની (B) સુશ્રી પૂનમ યાદવ
    (C) સુશ્રી શકાના ક્વિન્ટિન (D) સુશ્રી શેફાલી વર્મા **(D)**

12. સુશ્રી શેફાલી વર્મા કયા રાજ્યના ખેલાડી છે ?
    (A) મહારાષ્ટ્ર (B) ઉત્તરપ્રદેશ (C) હરિયાણા (D) દિલ્હી **(C)**

## 10 MARCH, 2020 TUESDAY

### ➤ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા IITEના જોબ પ્લેસમેન્ટ પોર્ટલ - 'આદિત્ય'નું લોકાર્પણ



6 માર્ચ, 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી <u>શ્રી વિજયભાઈ રૂપાણી</u>એ ગુજરાતના <u>ગાંધીનગર</u> ખાતેથી <u>IITE</u>ના જોબ પ્લેસમેન્ટ પોર્ટલ <u>'આદિત્ય'</u>નું લોકાર્પણ કર્યું છે.

- <u>ADITYA</u>નું પૂરું નામ <u>Accomplishing Dreams for Indian Teachers and Yearning Administrators</u> છે.
- IITEના અભ્યાસક્રમોમાં અભ્યાસ પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થીને તુરંત જ વિવિધ શૈક્ષણિક બોર્ડ સાથે સંલગ્ન શાળાઓમાં શિક્ષક તરીકે નોકરી મળી રહે તે માટે આ પોર્ટલનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- આ પોર્ટલના માધ્યમથી નવા તૈયાર થયેલા શિક્ષકોને આગામી શૈક્ષણિક સત્રથી જ યોગ્ય સ્કૂલોમાં પ્લેસમેન્ટ માટેની તકો ઉપલબ્ધ થશે.
- આ પોર્ટલની સુવિધાથી ગુજરાતના વિદ્યાર્થીઓને દેશ-વિદેશની વિવિધ શાળાઓમાં કામ કરવાની તકો ઉપલબ્ધ થશે.
- આ માટે વિદ્યાર્થીઓએ <u>placement.iite.ac.in</u> પર નોંધણી કરાવવાની રહેશે.
- આ પોર્ટલ IITEના વિદ્યાર્થીઓ તેમજ તાલીમબદ્ધ શિક્ષકો અને શિક્ષણ ક્ષેત્રના પ્રોફેશનલ્સ ઈચ્છતી સ્કૂલો વચ્ચે સેતુ બનશે.

**નોંધ :** (1) <u>IITEનું પૂરું નામ Indian Institute of Teacher Education</u> છે.
(2) આ સંસ્થા ગુજરાતમાં <u>ગાંધીનગર</u> ખાતે આવેલી છે.

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➤ ગુજરાતમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે 'ઈન્ડિયા ફાર્મા - ઈન્ડિયા મેડિકલ ડિવાઈસ - 2020' પરિષદ યોજાઈ




માર્ચ, 2020 દરમિયાન **ગુજરાત**માં **ગાંધીનગર**ના **મહાત્મા મંદિર** ખાતે વિશ્વ કક્ષાની ત્રિદિવસીય પરિષદ **'ઈન્ડિયા ફાર્મા - ઈન્ડિયા મેડિકલ ડિવાઈસ - 2020'**નું આયોજન થયું હતું.

- ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ આ **પાંચમી આંતરરાષ્ટ્રીય પરિષદ**નો શુભારંભ કરાવ્યો હતો.
- આ પ્રસંગે કેન્દ્રીય કેમિકલ્સ અને ફર્ટિલાઈઝર મંત્રી **શ્રી સદાનંદ ગોવડા** તથા કેન્દ્રીય રસાયણ અને ખાતર રાજ્ય મંત્રી **શ્રી મનસુખ માંડવીયા** ઉપસ્થિત રહ્યા હતા.
- ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ ફાર્માસ્યુટિકલ્સ તથા કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઈઝર મંત્રાલયના સંયુક્ત ઉપક્રમે FICCIના સહયોગથી ગુજરાતના મહાત્મા મંદિર ખાતે આ પરિષદ યોજાઈ હતી.

**નોંધ :** (1) FICCIનું પૂરું નામ Federation of Indian Chambers of Commerce and Industry છે.

(2) ફાર્મા સેક્ટરના 4500થી વધુ ઉત્પાદન એકમો સાથે ભારતના કુલ ફાર્માસ્યુટિકલ આઉટપૂટમાં એકલા ગુજરાતનું યોગદાન 31 ટકા જેટલું છે.

## ➤ સોલાર રૂફટોપ પ્લાન્ટ સ્થાપવામાં સમગ્ર ભારતમાં ગુજરાત અગ્રેસર : દેશના કુલ પ્લાન્ટના 64 ટકા એકલા ગુજરાતમાં



**સોલાર રૂફટોપ પ્લાન્ટ** સ્થાપવામાં સમગ્ર ભારતમાં **ગુજરાત પ્રથમ** ક્રમે છે.

- 2 માર્ચ, 2020 સુધીમાં સમગ્ર **ભારતમાં 79950** સોલાર રૂફટોપ પ્લાન્ટની સ્થાપના થઈ છે.
- જેમાંથી એકલા **ગુજરાત**માં **50915** પ્લાન્ટની સ્થાપના થઈ છે.
- જે દેશના કુલ પ્લાન્ટના **64 ટકા** છે.
- તાજેતરમાં ભારતની સંસદમાં પ્રશ્નોત્તરી કાળ દરમિયાન કેન્દ્ર સરકારના નવીન અને નવીનીકરણ ઊર્જા મંત્રી **શ્રી આર. કે. સિંઘે** આ માહિતી આપી હતી.
- સોલાર રૂફટોપ યોજના અન્વયે ગૃહ વપરાશકારોને સબસિડી લાભ આપવામાં **64 ટકા** એટલે કે **બે તૃતીયાંશ હિસ્સા સાથે** ગુજરાત **પ્રથમ** ક્રમે છે.
- જ્યારે ગુજરાત બાદ **5531** સોલાર રૂફટોપ સિસ્ટમ સાથે **મહારાષ્ટ્ર બીજા** ક્રમે છે.

**નોંધ :** ભારતમાં 2022 સુધીમાં 1.75 લાખ મેગાવોટ સૌર ઊર્જા ઉત્પાદનનું કેન્દ્ર સરકારનું લક્ષ્ય છે.

### ગુજરાત સરકારની 'સૂર્ય ગુજરાત' સૂર્ય ઊર્જા રૂફટોપ યોજનાની વિશેષતા

આ યોજના અંતર્ગત વીજ વિતરણ કંપનીના પ્રાઈવેટ રહેણાંક શ્રેણીના કોઈપણ ગ્રાહક પોતાની છત પર અથવા પોતાની મિલકતમાં **સોલાર રૂફટોપ સિસ્ટમ** ગોઠવી શકશે.

- જેમાં **રહેણાંક** હેતુના વીજગ્રાહકોને સરકાર **3 કિલોવોટ**ની ક્ષમતા સુધી નિયત કિંમત ઉપર **40 ટકા સબસિડી** આપશે.
- જ્યારે **3 કિલોવોટથી વધુ અને 10 કિલોવોટ સુધી 20 ટકા સબસિડી** આપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- આ યોજના દ્વારા ઉત્પન્ન વીજળીને વીજ કંપની દ્વારા રૂ. 2.25 પ્રતિ યુનિટના દરે ખરીદી લેવામાં આવશે.
- જો વીજ ગ્રાહક માન્ય એજન્સી પાસેથી સોલાર સિસ્ટમ સ્થાપિત કરાવશે તો તે એજન્સી 5 વર્ષ સુધી સિસ્ટમનું વિના મૂલ્યે મેઈન્ટેનન્સ કરશે.
- આ નીતિ વર્ષ 2021-22 સુધી અમલમાં રહેશે.
- અને વર્ષ 2021-22 સુધીમાં આ નીતિ અંતર્ગત અંદાજે 8 લાખ રહેણાંકના ગ્રાહકોને ત્યાં સોલાર રૂફટોપ લગાવવાનું સરકારનું આયોજન છે.
- જ્યારે વર્ષ 2019-20 દરમિયાન આ નીતિ અંતર્ગત 2 લાખ સોલાર રૂફટોપ લગાવવાનું સરકારનું આયોજન છે.

## ICE Questions

1. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગર ખાતેથી IITE અથવા તો Indian Institute of Teacher Educationના કયા પોર્ટલનું લોકાર્પણ કર્યું છે ?
(A) અભિનવ (B) આશિષ (C) આદિત્ય (D) આવિર્ભાવ **(C)**

2. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ IITEના પોર્ટલ ‘આદિત્ય’નો શુભારંભ કરાવ્યો છે...આ ADITYAનું પૂરું નામ શું છે ?
(A) Accomplishing Dreams for Indian Teachers and Yearning Administrators
(B) Accomplishing Dreams of Indian Teachers and Yearning Administrators
(C) Accomplishing Dreams for Indian Teachers and Yield Administrators
(D) Accomplishing Dreams of Indian Teachers and Yield Administrators **(A)**

3. માર્ચ 2020 દરમિયાન ભારતના કયા શહેરમાં વિશ્વ કક્ષાની ત્રિદિવસીય પરિષદ ‘ઈન્ડિયા ફાર્મા - ઈન્ડિયા મેડિકલ ડિવાઈસ - 2020’નું આયોજન થયું હતું ?
(A) નવી દિલ્હી (B) ચેન્નાઈ (C) પૂણે (D) ગાંધીનગર **(D)**

4. ભારતમાં સોલાર રૂફટોપ પ્લાન્ટ સ્થાપવામાં સમગ્ર દેશમાં કયું રાજ્ય પ્રથમ ક્રમે છે ?
(A) ગુજરાત (B) મહારાષ્ટ્ર (C) તમિલનાડુ (D) કેરળ **(A)**

5. ગુજરાત સરકારની ‘સૂર્ય ગુજરાત’ યોજના અંતર્ગત રહેણાંક હેતુ હેઠળના વીજગ્રાહકોને 3 કિલોવોટ સુધીની સોલાર રૂફટોપ સિસ્ટમ ગોઠવવા માટે કેટલા ટકા સબસિડી આપવામાં આવે છે ?
(A) 20 (B) 30 (C) 40 (D) 50 **(C)**

6. ગુજરાત સરકારની ‘સૂર્ય ગુજરાત’ યોજના અંતર્ગત રહેણાંક હેતુ હેઠળના વીજગ્રાહકોને 3 કિલોવોટથી વધુ અને 10 કિલોવોટ સુધી સોલાર રૂફટોપ સિસ્ટમ ગોઠવવા માટે કેટલા ટકા સબસિડી આપવામાં આવે છે ?
(A) 20 (B) 30 (C) 40 (D) 50 **(A)**

6. ‘સૂર્ય ગુજરાત’ સૂર્ય ઊર્જા રૂફટોપ અંતર્ગત ગુજરાતમાં રહેણાંક હેતુના વીજગ્રાહકો પાસેથી ઉત્પન્ન થતી વીજળીને વીજ કંપની પ્રતિ યુનિટ કેટલા રૂપિયાના ભાવથી ખરીદશે ?
(A) 2.25 (B) 2.50 (C) 3.25 (D) 3.50 **(A)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 11 MARCH, 2020 WEDNESDAY

### ➤ ગુજરાતમાં હવે 'ઉડતી કાર' પણ બનશે : નેધરલેન્ડની PAL-V કંપનીના આ માટે કરાર



9 માર્ચ, 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**ની ઉપસ્થિતિમાં **ગુજરાત**ના **ગાંધીનગર** ખાતે **ગુજરાત સરકાર** અને **નેધરલેન્ડ**ની **PAL-V** કંપની વચ્ચે એક MoU થયા છે.

- આ MoU મુજબ નેધરલેન્ડની **PAL-V** નામની કંપની **'ફ્લાઈંગ કાર'**ના ઉત્પાદન માટે **ગુજરાત**માં પોતાનો પ્લાન્ટ સ્થાપશે.
- આ સાથે જ ભારતમાં મેન્યુફેક્ચરિંગ અને ઓટો હબ તરીકે પ્રસિદ્ધ થયેલા ગુજરાતની ગૌરવગાથામાં વધુ એક પ્રકરણનો ઉમેરો થયો છે.
- ગુજરાતમાં સ્થપાનાર આ પ્લાન્ટ **'ફ્લાઈંગ કાર'**ના ઉત્પાદન માટેનો **PAL-V**નો **સૌપ્રથમ પ્લાન્ટ** હશે.
- ગુજરાતમાં સ્થપાનાર આ પ્લાન્ટમાંથી વર્ષ **2021**ના મધ્યમાં 'ફ્લાઈંગ કાર'નું લોન્ચિંગ કરવામાં આવશે તેવું આયોજન કરવામાં આવ્યું છે.
- ગુજરાતમાં બનનાર આ કારની યુરોપ, અમેરિકા અને વિશ્વના અન્ય દેશોમાં નિકાસ કરવામાં આવશે.
- આ માટે આ કંપનીને 110 જેટલી કારના ઓર્ડર્સ પણ મળી ગયા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

#### Flying Car

આ ફ્લાઈંગ કારમાં નાના એરક્રાફ્ટ પ્લેનમાં હોય છે તેવા **રોટેક્ષ એન્જિન**નો ઉપયોગ થાય છે.

- આ કાર જ્યારે લેન્ડ થાય છે ત્યારે તેમાં એક એન્જિન કાર્યરત હોય છે આથી આ સમયે તેની ઝડપ પ્રતિ કલાક **160** કિમીની હોય છે.
- આ કાર જ્યારે પ્લેનની જેમ હવામાં ઉડતી હશે ત્યારે તેના બન્ને એન્જિન કાર્યરત હોવાથી તેની ઝડપ પ્રતિ કલાક **180** કિમીની હશે.
- આ કારની મુખ્ય વિશેષતા એ છે કે આ કાર માત્ર 3 મિનિટમાં જ રોડ પર દોડતી કારમાંથી ઉડતી કારમાં તબદિલ થઈ શકશે.
- અને એકવાર ફૂલ ટેન્કમાં તે 500 કિમીની સફર કરી શકશે.
- આ કારમાં સિટિંગ કેપિસિટી **બે વ્યક્તિ**ની હશે.

#### PAL-V

**PAL-V**નું પૂરું નામ **Personal Air and Land Vehicle** છે.

- PAL-V એ **નેધરલેન્ડ**ની એક કંપની છે.
- તેનું વડું મથક **નેધરલેન્ડ**ના **Raamsdonksveer (રામ્સડોન્ક્સવીર)** ખાતે આવેલું છે.
- આ કંપની દ્વારા વિશ્વની પ્રથમ Commercial Flying Car - **'PAL-V Liberty'**નું નિર્માણ કરવામાં આવ્યું છે.
- **6 માર્ચ, 2018**ના રોજ **સ્વિત્ઝર્લેન્ડ**ના **Geneva Motor Show**માં આ કારનું પ્રથમ મોડલ લોન્ચ કરવામાં આવ્યું હતું.
- આ કારના મુખ્ય બે એડિશન આ પ્રમાણે છે :

  (1) PAL-V Liberty Sport

  (2) PAL-V Liberty Pioneer

**નોંધ :** (1) <u>MoUનું પૂરું નામ 'Memorandum of Understanding'</u> છે.

(2) ઉપરોક્ત MoU પર ગુજરાત સરકાર વતી ઉદ્યોગ અગ્ર સચિવ <u>શ્રી એમ. કે. દાસે</u> અને PAL-V વતી <u>શ્રી કાર્લો માસબોમીલે</u> હસ્તાક્ષર કર્યા હતા.

## ICE ? Questions

1. ગુજરાતમાં ઉડતી કાર (Flying Car)ના ઉત્પાદન માટે કઈ કંપનીએ ગુજરાત સરકાર સાથે કરાર કર્યા છે ?

(A) PAL-C (B) PAL-A (C) PAL-S (D) PAL-V **(D)**

2. કયા દેશની PAL-V નામની કંપનીએ ગુજરાતમાં ઉડતી કારના ઉત્પાદન માટે પોતાનો પ્લાન્ટ સ્થાપવા ગુજરાત સરકાર સાથે MoU કર્યા છે ?

(A) અમેરિકા (B) સ્વિત્ઝર્લેન્ડ (C) નેધરલેન્ડ (D) આયર્લેન્ડ **(C)**

3. તાજેતરમાં ચર્ચામાં રહેલ PAL-V કંપનીના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. તેનું પૂરું નામ Personal Air and Land Vehicle છે.
2. તેનું વડું મથક રામ્સડોન્કસવીર ખાતે આવેલું છે.
3. આ કંપનીએ વિશ્વની પ્રથમ કોમર્સિયલ ફ્લાઈંગ કાર 'PAL-V Liberty'નું નિર્માણ કર્યું છે.

(A) 1, 2, 3 (B) 2, 3 (C) 1, 2 (D) 1, 3 **(A)**

ICE® FOR COMPETITIVE EXAMS

## 12 MARCH, 2020 THURSDAY

➤ **દિવસ મહિમા : 12 માર્ચ, (1) સાયબર સેન્સરશિપ વિરુદ્ધ વિશ્વ દિવસ (World Day Against Cyber Censorship)**
**(2) વિશ્વ કિડની દિવસ (World Kidney Day)**

### વિશ્વ કિડની દિવસ

માનવ શરીરના મહત્ત્વના અંગ કિડની અંગે તથા તેના રોગો અંગે જાગૃત્તિ ફેલાવવા માટે દર વર્ષે <u>માર્ચ મહિનાના બીજા ગુરુવારે</u> <u>'વિશ્વ કિડની દિવસ'</u>ની ઉજવણી કરવામાં આવે છે.




- આ અંતર્ગત વર્ષ <u>2020</u>માં <u>12 માર્ચ</u>ના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- વર્ષ <u>2020</u>ની 'વિશ્વ કિડની દિવસ'ની થીમ <u>'Kidney Health for Everyone Everywhere - from Prevention to Detection and Equitable Access to Care'</u> છે.

## ➤ ભારત વિશ્વનો 23મો સૌથી મોટો હથિયારોની નિકાસ કરતો દેશ : SIPRI

Stockholm International Peace Research Institute (SIPRI) દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 'SIPRI Fact Sheet March 2020' રિપોર્ટ અનુસાર ભારત હથિયારોની નિકાસ કરતો વિશ્વનો 23મો સૌથી મોટો દેશ છે.

- વિશ્વમાં હથિયારોની સૌથી વધુ નિકાસ કરતા 25 દેશોની આ યાદીમાં અમેરિકા પ્રથમ ક્રમે છે.
- જ્યારે અમેરિકા બાદ રશિયા બીજા અને ફ્રાન્સ ત્રીજા ક્રમે છે.
- જ્યારે પોર્ટુગલ અંતિમ 25મા ક્રમે છે.
- અહીં, ખાસ નોંધપાત્ર બાબત એ છે કે આ રિપોર્ટમાં વિશ્વમાં હથિયારોની નિકાસ કરતા દેશોની યાદીમાં **ભારતનો સમાવેશ પ્રથમ વખત થયો છે.**
- વિદેશમાં હથિયારોની નિકાસ વધારવા માટે ભારત સરકારે કરેલા પ્રયાસોને કારણે ભારતનો આ યાદીમાં સમાવેશ થયો છે.
- વર્ષ 2015થી 2019 દરમિયાન વિશ્વમાં હથિયારોની કુલ નિકાસમાં ભારતનો હિસ્સો 0.2 ટકા છે. આ અગાઉ વર્ષ 2010થી 2014 દરમિયાન આ હિસ્સો 0.0 ટકા હતો.
- આ રિપોર્ટ અનુસાર ભારત હથિયારોની સૌથી વધુ 46 ટકા નિકાસ મ્યાનમારમાં કરે છે.
- મ્યાનમાર બાદ 25 ટકા હિસ્સા સાથે શ્રીલંકા બીજા અને 14 ટકા હિસ્સા સાથે મોરેસિયસ ત્રીજા ક્રમે છે.
- આમ, ભારત સૌથી વધુ હથિયારો ક્રમશઃ મ્યાનમાર, શ્રીલંકા અને મોરેસિયસને વેચે છે.

**હથિયારોની સૌથી વધુ નિકાસ કરતા વિશ્વના ટોપ 25 દેશો**

| ક્રમ | દેશ |
|---|---|
| 1 | અમેરિકા |
| 2 | રશિયા |
| 3 | ફ્રાન્સ |
| 4 | જર્મની |
| 5 | ચીન |
| 23 | ભારત |
| 24 | બ્રાઝિલ |
| 25 | પોર્ટુગલ |

### ભારત હથિયારોની આયાત કરતો બીજો સૌથી મોટો દેશ

આ રિપોર્ટ અનુસાર વર્ષ 2015થી 2019 દરમિયાન સાઉદી અરેબિયા હથિયારોની આયાત કરતો વિશ્વનો સૌથી મોટો દેશ દેશ છે.

- સાઉદી અરેબિયા બાદ ભારત આ યાદીમાં બીજા ક્રમે છે.
- ભારત બાદ ઈજિપ્ત ત્રીજા, ઓસ્ટ્રેલિયા ચોથા અને ચીન પાંચમા ક્રમે છે.
- વર્ષ 2015થી 2019 દરમિયાન હથિયારની વૈશ્વિક આયાતમાં ભારતનો હિસ્સો 9.2 ટકા અને સાઉદી અરેબિયાનો હિસ્સો 12 ટકા છે.
- વર્ષ 2010થી 2014ની તુલનાએ વર્ષ 2015થી 2019 દરમિયાન ભારતમાં હથિયારની આયાતમાં 32 ટકાનો ઘટાડો થયો છે.

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- આ ઘટાડાનું મુખ્ય કારણ ભારત સરકારનું **'મેક ઈન ઈન્ડિયા'** અભિયાન છે.
- આ રિપોર્ટ અનુસાર વર્ષ **2015થી 2019** દરમિયાન **ભારત** દ્વારા હથિયારોની સૌથી વધુ **56 ટકા** આયાત **રશિયા**માંથી કરવામાં આવી છે.
- જ્યારે **રશિયા** બાદ **14 ટકા**ના હિસ્સા સાથે **ઈઝરાયેલ બીજા** અને **12 ટકા**ના હિસ્સા સાથે **ફ્રાન્સ ત્રીજા** ક્રમે છે.
- આમ, ભારત હથિયારોની સૌથી વધુ આયાત ક્રમશઃ **રશિયા, ઈઝરાયેલ અને ફ્રાન્સ** પાસેથી કરે છે. આ પ્રથમ ત્રણ દેશોમાં અમેરિકાનો સમાવેશ થતો નથી.

### હથિયારોની સૌથી વધુ આયાત કરતા વિશ્વના ટોપ 5 દેશો

| ક્રમ | દેશ |
|---|---|
| 1 | સાઉદી અરેબિયા |
| 2 | ભારત |
| 3 | ઈજિપ્ત |
| 4 | ઓસ્ટ્રેલિયા |
| 5 | ચીન |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ICE Questions

1. 'સાયબર સેન્સરશિપ વિરુદ્ધ વિશ્વ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 11 માર્ચ (B) 12 માર્ચ (C) 13 માર્ચ (D) 14 માર્ચ **(B)**

2. 'વિશ્વ કિડની દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 11 માર્ચ (B) 12 માર્ચ (C) 13 માર્ચ (D) ત્રણમાંથી કોઈ નહિ **(D)**

3. 'વિશ્વ કિડની દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) માર્ચ મહિનાનો બીજો મંગળવાર (B) માર્ચ મહિનાનો બીજો બુધવાર
   (C) માર્ચ મહિનાનો બીજો ગુરૂવાર (D) માર્ચ મહિનાનો બીજો શુક્રવાર **(C)**

4. SIPRI દ્વારા પ્રસિદ્ધ થયેલા તાજેતરના રિપોર્ટ અનુસાર ભારત હથિયારોની નિકાસ કરતો વિશ્વનો કેટલામો સૌથી મોટો દેશ છે ?
   (A) 21મો (B) 22મો (C) 23મો (D) 24મો **(C)**

5. SIPRI દ્વારા પ્રસિદ્ધ થયેલા તાજેતરના રિપોર્ટ અનુસાર ભારત હથિયારોની આયાત કરતો વિશ્વનો કેટલામો સૌથી મોટો દેશ છે ?
   (A) પ્રથમ (B) બીજો (C) ત્રીજો (D) ચોથો **(B)**

6. 'SIPRI Fact Sheet March 2020' રિપોર્ટ અનુસાર સમગ્ર વિશ્વમાં હથિયારોની સૌથી વધુ નિકાસ કરતો પ્રથમ દેશ કયો છે ?
   (A) અમેરિકા (B) રશિયા (C) ઈઝરાયેલ (D) ફ્રાન્સ **(A)**

7. 'SIPRI Fact Sheet March 2020' રિપોર્ટ અનુસાર સમગ્ર વિશ્વમાં હથિયારોની સૌથી વધુ આયાત કરતો પ્રથમ દેશ કયો છે ?
   (A) સંયુક્ત આરબ અમિરાત (B) ઈજિપ્ત (C) સાઉદી અરેબિયા (D) સીરિયા **(C)**

8. SIPRI દ્વારા પ્રસિદ્ધ થયેલા તાજેતરના રિપોર્ટ અનુસાર ભારત હથિયારોની સૌથી વધુ આયાત ક્રમશઃ કયા ત્રણ દેશો પાસેથી કરે છે ?

(A) રશિયા, ઈઝરાયેલ, ફ્રાન્સ
(B) રશિયા, ફ્રાન્સ, ઈઝરાયેલ
(C) રશિયા, ફ્રાન્સ, જાપાન
(D) રશિયા, જાપાન, ફ્રાન્સ
(A)

9. SIPRI દ્વારા પ્રસિદ્ધ થયેલા તાજેતરના રિપોર્ટ અનુસાર ભારત હથિયારોની સૌથી વધુ નિકાસ ક્રમશઃ કયા ત્રણ દેશોને કરે છે ?

(A) શ્રીલંકા, મ્યાનમાર, મોરેસિયસ
(B) મ્યાનમાર, શ્રીલંકા, મોરેસિયસ
(C) મ્યાનમાર, મોરેસિયસ, શ્રીલંકા
(D) મોરેસિયસ, શ્રીલંકા, મ્યાનમાર
(B)

10. SIPRIના રિપોર્ટ અનુસાર છેલ્લા પાંચ વર્ષમાં અથવા તો વર્ષ 2015થી 2019 દરમિયાન વિશ્વમાં હથિયારોની કુલ નિકાસમાં ભારતનો હિસ્સો કેટલા ટકા છે ?

(A) 0.2 (B) 2.0 (C) 2.2 (D) 0.3
(A)

11. SIPRIના રિપોર્ટ અનુસાર વર્ષ 2010થી 2014ની તુલનાએ વર્ષ 2015થી 2019 દરમિયાન ભારતમાં હથિયારોની આયાતમાં કેટલા ટકાનો ઘટાડો થયો છે ?

(A) 28 (B) 30 (C) 32 (D) 42
(C)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 13 MARCH, 2020 FRIDAY

### ➤ ગુજરાતમાં છોટા ઉદેપુર જિલ્લાના ક્વાંટ ખાતે પ્રસિદ્ધ ગેરનો મેળો યોજાયો

તાજેતરમાં ગુજરાતમાં છોટા ઉદેપુર જિલ્લાના ક્વાંટ ખાતે ગેરના મેળાનું આયોજન થયું હતું.

- ક્વાંટ ખાતે હોળીના તહેવાર દરમિયાન યોજાતો આ મેળો વિશ્વ પ્રસિદ્ધ આદિવાસી મેળો છે.
- આ મેળો દર વર્ષે ધુળેટીના ત્રીજા દિવસે યોજાય છે.
- આ મેળામાં આદિવાસી સમાજની સંસ્કૃતિ, પહેરવેશ, વાજિંત્રો અને ખાસ કરીને તેમના મનમોહક નૃત્યોને નિહાળવા માટે ફક્ત ભારતના જ નહિ, પરંતુ વિદેશી પર્યટકો પણ ઉમટી પડે છે.

### ➤ The Inclusive Internet Index 2020માં ભારત 46મા ક્રમે

The Economist Intelligence Unit (EIU) દ્વારા તાજેતરમાં The Inclusive Internet Index 2020 નામથી એક રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.



- આ ઈન્ડેક્સમાં કુલ 100 દેશોમાં ભારત 46મા ક્રમે છે.
- આ અગાઉ વર્ષ 2019માં પ્રસિદ્ધ થયેલા આ ઈન્ડેક્સમાં ભારત 47મા ક્રમે હતું.
- વર્ષ 2020ના આ ઈન્ડેક્સમાં સ્વીડન પ્રથમ ક્રમે છે.
- સ્વીડન બાદ ન્યુઝીલેન્ડ બીજા અને અમેરિકા ત્રીજા ક્રમે છે.
- જ્યારે બુરુંડી આ ઈન્ડેક્સમાં અંતિમ 100મા ક્રમે છે.

**The Inclusive Internet Index 2020 Rank**

| Rank | Country |
|---|---|
| 1 | સ્વીડન |
| 2 | ન્યુઝીલેન્ડ |
| 3 | અમેરિકા |
| 46 | ભારત, તૂર્કી |
| 100 | બુરુંડી |

## ICE Questions

| | | |
|---|---|---|
| 1. | ગુજરાતમાં હોળી બાદ ગેરનો પ્રસિદ્ધ મેળો ક્યાં યોજાય છે ?<br>(A) ગોધરા (B) રાજપીપળા (C) આહવા (D) ક્વાંટ | (D) |
| 2. | ગુજરાતમાં કયા જિલ્લામાં આવેલા ક્વાંટ ખાતે હોળી બાદ દર વર્ષે ગેરનો પ્રસિદ્ધ મેળો યોજાય છે ?<br>(A) પંચમહાલ (B) નર્મદા (C) ડાંગ (D) છોટા ઉદેપુર | (D) |
| 3. | EIU દ્વારા પ્રસિદ્ધ થયેલા The Inclusive Internet Index 2020માં ભારત કયા ક્રમે છે ?<br>(A) 43મા (B) 46મા (C) 48મા (D) 49મા | (B) |
| 4. | EIU દ્વારા પ્રસિદ્ધ થયેલા The Inclusive Internet Index 2020માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?<br>(A) સ્વીડન (B) ડેન્માર્ક (C) અમેરિકા (D) સ્પેન | (A) |

ICE INSTITUTE COMPETITIVE EXAMS

## 14 MARCH, 2020 SATURDAY

### ➤ WHO એ કોરોનાને વૈશ્વિક મહામારી જાહેર કરી

વિશ્વના 110 દેશોમાં 4600થી વધુ લોકોનો ભોગ લેનાર <u>કોરોના વાઈરસ (COVID-19)</u>ને <u>WHO</u> દ્વારા <u>વૈશ્વિક મહામારી</u> જાહેર કરવામાં આવી છે.

- WHOના મહાસચિવ <u>ડો. ટેડ્રોસ અદનોમ ગ્રેબેયાસસે</u> આ જાહેરાત કરી હતી.
- WHO અનુસાર કોરોના વાઈરસથી અત્યાર સુધીમાં 1.18 લાખથી વધુ લોકો ચેપગ્રસ્ત થયા છે.

#### વૈશ્વિક મહામારી એટલે શું ?

કોઈ એક જ ચેપીરોગને કારણે એક જ સમયે દુનિયાભરમાં મોટી સંખ્યામાં લોકો અસરગ્રસ્ત થાય ત્યારે તે રોગને વૈશ્વિક મહામારી તરીકે જાહેર કરવામાં આવે છે.

#### WHO

<u>WHOનું</u> પૂરું નામ <u>World Health Organization</u> છે.

- WHO એ વિશ્વ સ્તરે આરોગ્યની દેખભાળ રાખતી <u>યુનાઈટેડ નેશન્સ</u>ની વિશેષ એજન્સી છે.
- તેની સ્થાપના <u>7 એપ્રિલ, 1948</u>ના રોજ થઈ હતી.
- તેનું વડું મથક <u>સ્વિટ્ઝર્લેન્ડ</u>ના <u>જીનેવા</u> ખાતે આવેલું છે.

## કોરોના વાઈરસ

તાજેતરમાં ચર્ચામાં રહેલા **કોરોના વાયરસ**નો પ્રથમ કેસ ડિસેમ્બર 2019માં **ચીન**ના **હુબઈ** પ્રાંતના **વુહાન** નામના શહેરમાં જોવા મળ્યો હતો.

- **કોરોના વાયરસ**ની પ્રજાતિના આ વાયરસને **ચીન**ના વૈજ્ઞાનિકોએ **nCoV-2019** એટલે કે **Novel CoronaVirus 2019** નામ આપ્યું છે.

## આ વાયરસના લક્ષણો

આ વાયરસથી ચેપગ્રસ્ત વ્યક્તિમાં **ભારે તાવ**, **શરદી**, **કફ**, **શ્વાસ લેવામાં તકલીફ** વગેરે જેવા લક્ષણો જોવા મળે છે.

- આ રોગનો ચેપ **ચેપી સી-ફૂડ ખાવાના કારણે** થતો હોવાનું માનવામાં આવે છે.
- આ રોગમાં મૃત્યુદર **2.3 ટકા** જેટલો છે.
- ચીનમાં આ રોગથી મૃત્યુ પામેલા દર્દીઓમાં મોટા ભાગે 60 વર્ષથી વધુ ઉંમરના લોકો અને તેઓ ડાયાબીટીસ, બી.પી., અસ્થમા, ન્યુમોનિયા વગેરે જેવા રોગોથી પીડિત હોવાનું કહેવાય છે.

## રોગનો ઈલાજ

આ વાયરસથી થતા રોગ માટે હજુ સુધી કોઈ ચોક્કસ એન્ટીવાયરલ દવા કે વેક્સીન ઉપલબ્ધ થઈ શકી નથી.

- આથી, આ રોગના અટકાવ અને નિયંત્રણ માટે સીઝનલ ફ્લુની જેમ દર્દીને આઈસોલેશનમાં રાખવો, P.P.E. કીટનો ઉપયોગ કરવો, વારંવાર સાબુથી હાથ ધોવા, હસ્તધૂનનના બદલે નમસ્કારથી અભિવાદન કરવું, ભીડભાડ વાળી જગ્યાએ જવાનું ટાળવું વગેરે જેવા તકેદારીના પગલાં લઈ શકાય છે.

## કોરોના વાઈરસને કારણે મૃત્યુ

13 માર્ચ, 2020 સુધીમાં કોરોના વાઈરસને કારણે સૌથી વધુ મૃત્યુ **ચીન**માં થયા છે.

- **ચીન**માં આ વાઈરસને કારણે **3170થી વધુ** વ્યક્તિઓના મોત થઈ ચૂક્યા છે.
- **ચીન** બાદ **બીજા** ક્રમે **ઈટલી**માં આ વાઈરસને કારણે **1000થી વધુ** લોકોના મૃત્યુ થઈ ચૂક્યા છે.
- **ચીન** અને **ઈટલી** બાદ **ત્રીજા** ક્રમે **ઈરાન**માં આ વાઈરસને કારણે **429થી વધુ** લોકોના મૃત્યુ થયા છે.
- **ભારત**માં આ વાઈરસને કારણે મૃત્યુનો **પ્રથમ** કેસ **કર્ણાટક**માં નોંધાયો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. તાજેતરમાં કઈ આંતરરાષ્ટ્રીય સંસ્થાએ કોરોના વાઈરસને વૈશ્વિક મહામારી જાહેર કરી છે ?
   (A) UNICEF (B) World Bank (C) WHO (D) United Nations — **(C)**

2. WHOના કયા વડાએ કોરોના વાઈરસને વૈશ્વિક મહામારી જાહેર કરી છે ?
   (A) ડો. ટેડ્રોસ અદનોમ ગ્રેબેયાસસ (B) ડો. ટેડ્રોસ આલ્કોમ ગ્રેબેયાસસ
   (C) ડો. ટેડ્રોસ અર્નેસ્ટ ગ્રેબેયાસસ (D) ડો. ટેડ્રોસ આલ્ફ્રેડ ગ્રેબેયાસસ — **(A)**

3. 13 માર્ચ, 2020 સુધીમાં કોરોના વાઈરસને કારણે સૌથી વધુ મૃત્યુ ચીન બાદ કયા દેશમાં થયા છે ?
   (A) ઈરાન (B) ઈજિપ્ત (C) ઈટલી (D) દક્ષિણ કોરિયા — **(C)**

4. તાજેતરમાં જોવા મળેલા કોરોના વાઈરસનો પ્રથમ કેસ ચીનના કયા શહેરમાં નોંધાયો હતો ?
   (A) શેનઝેન (B) તિયાનજિન (C) સુઝોઉ (D) વુહાન — **(D)**

5. તાજેતરમાં ચીનના કયા પ્રાંતના વુહાન શહેરમાં કોરોના વાઈરસનો પ્રથમ કેસ નોંધાયો હતો ?
   (A) હૈનન (B) હુબઈ (C) જિયાંગ્ઝુ (D) હુનાન — **(B)**

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# ONE LINER
CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ ગુજરાતની 11 નગરપાલિકાઓના વોટર ટ્રીટમેન્ટ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પરિસરમાં સોલાર પ્લાન્ટ સ્થાપવા 13.61 કરોડ રૂપિયા મંજૂર

ગુજરાતમાં ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સરકારે એક મહત્ત્વનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય અંતર્ગત ગુજરાતમાં 11 નગરપાલિકા વિસ્તારમાં આવેલા 15 જેટલા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ (કે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ) પરિસરમાં સૌર ઊર્જાના ઉપયોગ માટે સોલાર પ્લાન્ટ સ્થાપવા ગુજરાત સરકારે કુલ 13.61 કરોડ રૂપિયાના કામોને મંજૂરી આપી છે. ગુજરાત સરકારે જે 11 નગરપાલિકાઓને સોલાર પ્લાન્ટ માટે રકમ ફાળવી છે તેમાં બારડોલી, ઉમરગામ, બોટાદ, સોનગઢ, વિજલપોર, અંકલેશ્વર, જંબુસર, નવસારી, વ્યારા, ઊંઝા અને સુરેન્દ્રનગરનો સમાવેશ થાય છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

### ➤ માર્ચ 2020 દરમિયાન ભારતમાં 'રાષ્ટ્રીય પોષણ પખવાડિયા'ની ઉજવણી

ભારતમાં કુપોષણની સમસ્યાના નિવારણ માટે તાજેતરમાં ગુજરાત સહિત સમગ્ર દેશમાં 'રાષ્ટ્રીય પોષણ પખવાડિયા'ની ઉજવણી કરવામાં આવી હતી. ભારત સરકારની સૂચના અનુસાર 8 માર્ચ, 2020થી 22 માર્ચ, 2020 દરમિયાન આ 'રાષ્ટ્રીય પોષણ પખવાડિયા'ની ઉજવણી કરવામાં આવી છે. આ ઉજવણી અંતર્ગત ગુજરાત સહિત સમગ્ર દેશમાં કુપોષણની સમસ્યાના નિવારણ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન થયું હતું.

### ➤ ભારતમાં કોરોના વાઈરસથી મૃત્યુનો પ્રથમ કેસ કર્ણાટકમાં નોંધાયો

ભારતના કર્ણાટકમાં કોરોના વાઈરસથી એક 76 વર્ષીય વૃદ્ધનું નિધન થયું છે. ભારતમાં કોરોના વાઈરસથી મૃત્યુનો આ પ્રથમ કેસ છે. આથી, ભારતમાં કોરોના વાઈરસના દર્દીનો પ્રથમ કેસ કેરળમાં નોંધાયો હતો. જ્યારે ભારતમાં કોરોના વાઈરસથી મૃત્યુનો પ્રથમ કેસ કર્ણાટકમાં નોંધાયો છે. કર્ણાટક બાદ ભારતમાં કોરોના વાઈરસથી મૃત્યુનો બીજો કેસ દિલ્હીમાં નોંધાયો છે.

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➤ SBI રૂ. 10ના ભાવથી યશ બેન્કના 725 કરોડ શેર ખરીદશે

સંકટમાં ફસાયેલી યશ બેન્કને ઉગારવા માટે SBI (State Bank of India) રૂ. 7250 કરોડનું રોકાણ કરશે. આ અંતર્ગત પ્રતિ શેર રૂ. 10ના ભાવથી યશ બેન્કના 725 કરોડ શેર ખરીદવા માટે SBIને કેન્દ્રીય બોર્ડે મંજૂરી આપી દીધી છે. જેનાથી SBI યશ બેન્કમાં 49 ટકા ભાગીદારી મેળવશે.

## ➤ શ્રી મનપ્રીત સિંહ અને સુશ્રી રાની રામપાલને હોકી ઈન્ડિયાનો 'પ્લેયર ઓફ ધ યર 2019' એવોર્ડ એનાયત

તાજેતરમાં ભારતમાં હોકી ઈન્ડિયા દ્વારા તેના ત્રીજા વાર્ષિક એવોર્ડ સમારોહનું આયોજન થયું હતું. આ સમારોહમાં ભારતીય હોકી ટીમના કેપ્ટન શ્રી મનપ્રીત સિંહને પુરુષો માટેનો 'ધ્રુવ બત્રા પ્લેયર ઓફ ધ યર 2019' એવોર્ડ એનાયત થયો છે. અને ભારતીય મહિલા હોકી ટીમના કેપ્ટન સુશ્રી રાની રામપાલને મહિલાઓ માટેનો 'ધ્રુવ બત્રા પ્લેયર ઓફ ધ યર 2019' એવોર્ડ એનાયત થયો છે. જ્યારે ઓલિમ્પિક ગોલ્ડ મેડાલિસ્ટ શ્રી હરબિન્દર સિંહને 'મેજર ધ્યાનચંદ લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડ 2019'થી સન્માનિત કરવામાં આવ્યા છે.

## ➤ ભારતમાં 'ડોમેસ્ટિક ક્રિકેટના સચિન' તરીકે પ્રસિદ્ધ શ્રી વસીમ જાફરની ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત

ભારતના પૂર્વ ઓપનિંગ બેટ્સમેન અને ભારતમાં 'ડોમેસ્ટિક ક્રિકેટના સચિન' તરીકે પ્રસિદ્ધ શ્રી વસીમ જાફરે ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે. શ્રી વસીમ જાફરે સાઉથ આફ્રિકા સામે આંતરરાષ્ટ્રીય ટેસ્ટ અને વન-ડે કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો. શ્રી વસીમ જાફર 150 રણજી ટ્રોફી મેચ રમનાર ભારતના પ્રથમ ખેલાડી છે. આ ઉપરાંત રણજી ટ્રોફીમાં 11,000 રન કરનાર પણ શ્રી વસીમ જાફર ભારતના પ્રથમ બેટ્સમેન છે. શ્રી વસીમ જાફરનો જન્મ મહારાષ્ટ્રના મુંબઈ ખાતે થયો હતો.

## ➤ ICC મહિલા વર્લ્ડ ઈલેવનમાં ભારતના એકમાત્ર સુશ્રી પૂનમ યાદવનો સમાવેશ

ICC દ્વારા તાજેતરમાં ICC Women's T20 World Cup 11ની જાહેરાત કરવામાં આવી છે. ICC દ્વારા જાહેર થયેલી આ વર્લ્ડ ઈલેવનમાં ભારતમાંથી એકમાત્ર સુશ્રી પૂનમ યાદવની પસંદગી કરવામાં આવી છે.જ્યારે ભારતના સુશ્રી શેફાલી વર્માને આ ટીમમાં 12મા ખેલાડી તરીકે સ્થાન મળ્યું છે. સુશ્રી પૂનમ યાદવ ઉત્તરપ્રદેશના મહિલા ક્રિકેટર છે. તેમનો જન્મ ઉત્તરપ્રદેશના આગ્રા ખાતે થયો હતો.

## ➤ ઉત્તરપ્રદેશના ચિત્રકૂટ ખાતેથી બુંદેલખંડ એક્સપ્રેસવેનો શિલાન્યાસ

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં ઉત્તરપ્રદેશના ચિત્રકૂટ ખાતેથી બુંદેલખંડ એક્સપ્રેસવેનો શિલાન્યાસ કરાવ્યો છે. 296 કિમી લાંબો આ એક્સપ્રેસ વે ચિત્રકૂટથી ઈટાવા વચ્ચે આવેલો છે અને તે ઈટાવા પાસે આગ્રા લખનૌ એક્સપ્રેસવેમાં મળી જાય છે. આશરે રૂ. 14,849 કરોડના ખર્ચે બનનાર આ એક્સપ્રેસવેથી ઉત્તરપ્રદેશના ચિત્રકૂટ, બાંદા, મહોબા, હમીરપુર, જાલૌન, ઔરૈયા અને ઈટાવા જિલ્લાને લાભ થશે. આ કાર્યક્રમની સાથે સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ચિત્રકૂટ ખાતેથી સમગ્ર દેશમાં 10,000 ખેડૂત ઉત્પાદક મંડળીઓનો (Farmers Producer Organizations - FPOનો) પણ શુભારંભ કરાવ્યો હતો. આ ઉપરાંત તેમણે ચિત્રકૂટ ખાતેથી PM-KISAN યોજનાના તમામ લાભાર્થીઓને કિસાન ક્રેડિટ કાર્ડના વિતરણ માટે અભિયાન પણ શરૂ કર્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં સર્જાયા ત્રણ વર્લ્ડ રેકોર્ડ

તાજેતરમાં ભારતમાં ઉત્તરપ્રદેશના પ્રયાગરાજ ખાતે અત્યાર સુધીની સૌથી મોટી **'સામાજિક અધિકારિતા શિબિર'**નું આયોજન થયું હતું. આ શિબિરમાં વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ આશરે 27,000 જેટલા વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગજનોને સહાયક સાધનો અને ઉપકરણોનું વિતરણ કર્યું હતું. **પ્રયાગરાજ** ખાતે યોજાયેલી આ શિબિરમાં **3 વર્લ્ડ રેકોર્ડ** સર્જાયા હતા. **(1) હાથથી ચાલતી એક સાથે 300** ટ્રાઈસાઈકલને **1.8 કિમી ચલાવવાનો રેકોર્ડ (2) એક કલાકમાં હાથથી ચાલતી 626 ટ્રાઈસાઈકલો જરૂરિયાતમંદોને આપવાનો રેકોર્ડ અને (3) 13 મિનિટમાં 420** વ્હિલચેર્સને 3 હરોળમાં **ચલાવવાનો** રેકોર્ડ.

## ICE ? Questions

- ➤ ગુજરાત સરકારે ગુજરાતની કેટલી નગરપાલિકાઓના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ અથવા તો સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પરિસરમાં સોલાર પ્લાન્ટ સ્થાપવા માટે રૂ. 13.61 કરોડના કામોની મંજૂરી આપી છે ? **– 11**
- ➤ ગુજરાત સરકારે ગુજરાતની 11 નગરપાલિકાઓના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ અથવા તો સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પરિસરમાં કેટલા સોલાર પ્લાન્ટ સ્થાપવા માટે રૂ. 13.61 કરોડના કામોની મંજૂરી આપી છે ? **– 15**
- ➤ ભારતમાં કયા મહિનામાં 'રાષ્ટ્રીય પોષણ પખવાડિયા'ની ઉજવણી કરવામાં આવી હતી ? **– માર્ચ**
- ➤ માર્ચ 2020 દરમિયાન ભારતમાં કયારે 'રાષ્ટ્રીય પોષણ પખવાડિયા'ની ઉજવણી કરવામાં આવી હતી ? **– 8 માર્ચ, 2020થી 22 માર્ચ, 2020**
- ➤ ભારતમાં કોરોના વાઈરસના દર્દીનો પ્રથમ કેસ કયા રાજ્યમાં નોંધાયો હતો ? **– કેરળ**
- ➤ ભારતમાં કોરોના વાઈરસથી મૃત્યુનો પ્રથમ કેસ કયા રાજ્યમાં નોંધાયો હતો ? **– કર્ણાટક**
- ➤ કઈ બેન્ક યશ બેન્કમાં રૂ. 7250 કરોડનું રોકાણ કરશે ? **– SBI**
- ➤ SBI પ્રતિ શેર કેટલા રૂપિયાના ભાવથી યશ બેન્કના 725 કરોડ શેર ખરીદશે ? **– 10**
- ➤ હોકી ઈન્ડિયા દ્વારા પુરુષો માટેનો વર્ષ 2019નો 'પ્લેયર ઓફ ધ યર એવોર્ડ' અથવા તો 'ધ્રુવ બત્રા પ્લેયર ઓફ ધ યર એવોર્ડ' કોને એનાયત થયો છે ? **– શ્રી મનપ્રીત સિંહ**
- ➤ હોકી ઈન્ડિયા દ્વારા મહિલાઓ માટેનો વર્ષ 2019નો 'પ્લેયર ઓફ ધ યર એવોર્ડ' અથવા તો 'ધ્રુવ બત્રા પ્લેયર ઓફ ધ યર એવોર્ડ' કોને એનાયત થયો છે ? **– સુશ્રી રાની રામપાલ**
- ➤ હોકી ઈન્ડિયા દ્વારા વર્ષ 2019નો 'મેજર ધ્યાનચંદ લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડ' કોને એનાયત થયો છે ? **– શ્રી હરબિન્દર સિંહ**
- ➤ ભારતમાં 'ડોમેસ્ટિક ક્રિકેટના સચિન' તરીકે પ્રસિદ્ધ કયા ખેલાડીએ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે ? **– શ્રી વસીમ જાફર**
- ➤ શ્રી વસીમ જાફરે ક્રિકેટના કયા ફોર્મેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે ? **– ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી**
- ➤ ICC દ્વારા જાહેર થયેલી T20 વર્લ્ડ ઈલેવન અથવા તો ICC Women's T20 World Cup 11માં ભારતના કયા એકમાત્ર મહિલા ક્રિકેટરનો સમાવેશ થયો છે ? **– સુશ્રી પૂનમ યાદવ**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 296 કિમી લાંબા બુંદેલખંડ એક્સપ્રેસવેનો ક્યાંથી શિલાન્યાસ કરાવ્યો છે ? – ચિત્રકૂટ, ઉત્તરપ્રદેશ
- ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર દેશમાં 10,000 ખેડૂત ઉત્પાદક મંડળીઓનો ક્યાંથી શુભારંભ કરાવ્યો છે ? – ચિત્રકૂટ, ઉત્તરપ્રદેશ
- ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ PM KISAN યોજનાના લાભાર્થીઓને કિસાન ક્રેડિટ કાર્ડના વિતરણ માટેના અભિયાનનો ક્યાંથી પ્રારંભ કરાવ્યો છે ? – ચિત્રકૂટ, ઉત્તરપ્રદેશ
- માર્ચ 2020 દરમિયાન ભારતમાં અત્યાર સુધીની સૌથી મોટી 'સામાજિક અધિકારિતા શિબિર'નું આયોજન કયાં થયું હતું ? – પ્રયાગરાજ, ઉત્તરપ્રદેશ
- હાથથી ચાલતી એક સાથે 300 ટ્રાઈસિકલને 1.8 કિમી ચલાવવાનો રેકોર્ડ ક્યાં નોંધાયો છે ? – પ્રયાગરાજ, ઉત્તરપ્રદેશ
- એક કલાકમાં હાથથી ચાલતી 626 ટ્રાઈસિકલો જરૂરિયાતમંદોને આપવાનો રેકોર્ડ ભારતમાં ક્યાં નોંધાયો છે ? – પ્રયાગરાજ, ઉત્તરપ્રદેશ
- 13 મિનિટમાં 420 વ્હિલચેર્સને 3 હરોળમાં ચલાવવાનો રેકોર્ડ ભારતમાં કયાં નોંધાયો છે ? – પ્રયાગરાજ, ઉત્તરપ્રદેશ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. સ્વ-સહાયજૂથો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓને રાષ્ટ્રીય કક્ષાની વેચાણ સુવિધા ઉપલબ્ધ કરાવવાના આશયથી તાજેતરમાં ગુજરાતમાં અમદાવાદ બાદ કયા શહેરમાં રાષ્ટ્રીયકક્ષાના 'રિજીયોનલ સરસ મેળા - 2020'નું આયોજન થયું હતું ? – સુરત
2. વડોદરા સ્થિત સ્વૈચ્છિક સંસ્થા દીપક ફાઉન્ડેશન દ્વારા તાજેતરમાં કયા મહિલાને ચેન્જ મેકર એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે ? – સુશ્રી સંધ્યા સપકાલ
(વડોદરાના નિવાસી સુશ્રી સંધ્યા સપકાલ ગુજરાતના પ્રથમ ફોસ્ટર માતા એટલે કે પાલક માતા તરીકે પ્રસિદ્ધ છે. તેમણે કેટલાયે બાળકોના પાલક વાલીની ભૂમિકા નીભાવી છે.)
3. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં હોલિકા દહન દરમિયાન પંચ ગવ્યનો ઉપયોગ કરવાની નાગરિકોને અપીલ કરી હતી...આ પંચ ગવ્યમાં શેનો સમાવેશ થાય છે ? – ગાયનું ઘી, ગૂગળ, કપૂર, સરસવ અને સૂકા લીમડાના પાન
(ગુજરાતમાં વાતાવરણ શુદ્ધ અને જંતુમુક્ત બને તે માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ અપીલ કરી હતી.)

4. તાજેતરમાં દુબઈ ખાતે યોજાયેલી મેટ્રિક્સ ફાઈટ નાઈટ-4માં ગોલ્ડ મેડલ વિજેતા ગુજરાતી યુવતીનું નામ શું છે ? – સુશ્રી ઈશિકા થિત (વડોદરા)

5. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના ગાંધીનગર ખાતેથી 'દીર્ઘદષ્ટા મહારાજા સયાજીરાવ ગાયકવાડ' પુસ્તકનું વિમોચન કર્યું છે...આ પુસ્તકના લેખક કોણ છે ? – શ્રી નારાયણ માધુ

6. બચત ખાતું ધરાવતા ગ્રાહકો માટે ભારતની કઈ બેન્કે મિનિમમ બેલેન્સનો નિયમ રદ કર્યો છે ? – SBI (State Bank of India)

7. કયા દેશના વર્તમાન રાષ્ટ્રપતિ વર્ષ 2036 સુધી તે દેશના રાષ્ટ્રપતિ રહી શકે તે માટે એ દેશના બંધારણમાં સુધારો કરવામાં આવ્યો છે ? – રશિયા

8. કોરોના વાઈરસને કારણે ભારતે કયાં સુધી તમામ વિઝા રદ કર્યા છે ? – 15 એપ્રિલ, 2020
(કોરોના વાઈરસ ગ્રસ્ત કોઈ વિદેશી નાગરિક ભારતમાં ન પ્રવેશે તે માટે ભારતે વિદેશી નાગરિકોના ભારતમાં પ્રવેશ પર આ પ્રતિબંધ મૂક્યો છે. જોકે ડિપ્લોમેટિક અને રાષ્ટ્રસંઘના કર્મચારીઓને અપાયેલા વિઝા માન્ય રહેશે.)

9. જમ્મુ કાશ્મીરમાં પ્રથમ વખત કયા શહેરમાં 'Global Investor's Summit 2020'નું આયોજન થયું હતું ? – શ્રીનગર

10. કોરોના વાઈરસનો ચેપ ફેલાતો રોકવા માટે કયા દેશે આશરે 70,000 જેટલા કેદીઓને હંગામી ધોરણે જામીન આપીને જેલમાંથી મુક્ત કર્યા છે ? – ઈરાન

11. પ્રથમ 'BBC Indian Sportswoman of Year Award' વિજેતા મહિલા ખેલાડી કોણ છે ? – સુશ્રી પી.વી. સિંધૂ

12. 'BBC Lifetime Achievement Award' વિજેતા મહિલા ખેલાડીનું નામ શું છે ? – સુશ્રી પી.ટી. ઉષા

13. બાંગ્લાદેશની સુપ્રીમ કોર્ટ દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર હવે બાંગ્લાદેશનો રાષ્ટ્રીય નારો શું હશે ? – 'જોય બંગલા'

14. ભારતમાં BSF (Border Security Force)ના કાર્યકારી ડિરેક્ટર જનરલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી એસ. એસ. દેસવાલ
(હરિયાણા કેડરના 1984ની બેચના IPS ઓફિસર શ્રી એસ. એસ. દેસવાલ હાલ Indo-Tibetean Border Police - ITBPના ડિરેક્ટર જનરલ છે. તેમને BSFના મહાનિર્દેશક તરીકેનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે.)

15. કયા ખેલાડીએ ભારતમાં તેમનું 34મું રાષ્ટ્રીય સ્નૂકર ટાઈટલ જીત્યું છે ? – શ્રી પંકજ અડવાણી

16. 21 જૂન, 2020ના રોજ ભારતમાં રાષ્ટ્રીય કક્ષાના 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 2020'ની ઉજવણી કયાં થશે ? – લેહ
(લેહ ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ઉપસ્થિત રહેશે.)

17. અફઘાનિસ્તાનના રાષ્ટ્રપતિ તરીકે તાજેતરમાં કોણે શપથ લીધા છે ? – શ્રી અશરફ ગની
(શ્રી અશરફ ગની સતત બીજી વખત અફઘાનિસ્તાનના રાષ્ટ્રપતિ બન્યા છે.)

18. કોરોના વાઈરસથી બચવા માટે ભારતમાં કયા રાજ્યની સરકાર દ્વારા એક મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી છે ? – પંજાબ

19. કોરોના વાઈરસથી બચવા માટે જાગૃતિ ફેલાવવા પંજાબ સરકારે કઈ મોબાઈલ એપ લોન્ચ કરી છે ? – COVA Punjab

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

20. RBI દ્વારા યશ બેન્કના સંચાલક તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી પ્રશાંત કુમાર

21. Freedom House દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 'Freedom in the World 2020 Report'માં કુલ 195 દેશોમાં ભારત કયા ક્રમે છે ? – 83મા

22. આરોગ્ય સંબંધિત યોજનાઓ અંગે લોકોને માહિતી આપવા માટે ભારતના કયા રાજ્યની સરકારે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં 'આરોગ્ય મિત્ર'ની નિમણૂક કરવાનો નિર્ણય કર્યો છે ? – ઉત્તરપ્રદેશ

23. તાજેતરમાં ભારતની રાજ્યસભામાં પસાર થયેલા 'ખનિજ કાનૂન (સંશોધન) બિલ, 2020'માં કયા ખનિજના ખોદકામની પ્રક્રિયાનું વ્યાપારિકરણ કરવાનો પ્રસ્તાવ છે ? – કોલસા

24. અમેરિકાની કોંગ્રેસે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને કયા દેશ પર હુમલો કરવાથી રોકવા માટેના પ્રસ્તાવને મંજૂરી આપી છે ? – ઈરાન

25. કઈ વૈશ્વિક સંસ્થાએ COVID-19 માટે 'COVID એક્શન પ્લેટફોર્મ' લોન્ચ કર્યું છે ?
– WEF (World Economic Forum)

26. ભારતના કયા રાજ્યની સરકારે 'શાદી ભાગ્ય યોજના' બંધ કરવાનો નિર્ણય કર્યો છે ? – કર્ણાટક

27. ભારતના કયા રાજ્યમાં સ્વ સહાય જૂથો માટે 'મિશન શક્તિ' નામથી એક નવો વિભાગ શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ? – ઓડિશા

28. ભારતમાં Serious Fraud Investigation Office (SFIO) માટે એક Inquiry Book (તપાસ પુસ્તક) તૈયાર કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા કોની અધ્યક્ષતામાં 12 સભ્યોની ઉચ્ચ સ્તરિય પેનલની રચના કરવામાં આવી છે ?
– શ્રી ઈન્જેતી શ્રીનિવાસ (ભારતના કોર્પોરેટ બાબતોના સચિવ)

29. તાજેતરમાં ચર્ચામાં રહેલું 'The Adventures of the DareDevil Democrat' પુસ્તક કોના વિશે લખાયેલું છે ?
– શ્રી બીજૂ પટનાયક

(ઓડિશાના મુખ્યમંત્રી શ્રી નવીન પટનાયકે શ્રી બીજૂ પટનાયકની 104મી જન્મ જયંતી નિમિત્તે ઓડિશાના ભૂવનેશ્વર ખાતેથી આ પુસ્તકનું વિમોચન કર્યું છે. આ પુસ્તક શ્રી બીજૂ પટનાયક વિશે લખાયેલું પ્રથમ કોમિક પુસ્તક છે. શ્રી બીજૂ પટનાયક ઓડિશાના વર્તમાન મુખ્યમંત્રી શ્રી નવીન પટનાયકના પિતાશ્રી છે. અને તેઓ ઓડિશાના પૂર્વ મુખ્યમંત્રી હતા.)

30. ભારતના કયા રાજ્યમાં 'I am Also Digital' નામનું એક અભિયાન શરૂ કરવામાં આવ્યું છે ? – કેરળ
(કેરળમાં ડિજિટલ ટેકનોલોજી અંગે જાગૃતિ ફેલાવવા માટે પ્રાયોગિક ધોરણે તિરુવનંતપુરમમાં આ અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે.)

31. ભારતીય સેના દ્વારા ઘોડા અને ખચ્ચરની સેવાને બિરદાવવા માટે ભારતના કયા શહેરમાં ફરીથી નિર્માણ પામેલું પશુ પરિવહન સ્મારક લોન્ચ કરવામાં આવ્યું છે ? – બેંગાલુરુ

32. ભારતીય સેના દ્વારા દર વર્ષે કયા દિવસે 'પશુ પરિવહન સ્મરણ દિવસ' (Animal Transport Remembrance Day) ઉજવવાની જાહેરાત કરવામાં આવી છે ? – 26 સપ્ટેમ્બર

33. ફેસબુક ઈન્ડિયાના કોમ્યુનિકેશન ડાયરેક્ટર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – સુશ્રી બિપાશા ચક્રવર્તી

34. અનિયમિત માનવ રહિત ડ્રોનનો સામનો કરવા માટે ભારતની કઈ સંસ્થાએ AI સંચાલિત ડ્રોન વિકસાવ્યા છે ?
– IIT, મદ્રાસ

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

35. મહારાષ્ટ્રના કયા એરપોર્ટનું નામ બદલીને 'છત્રપતિ સંભાજી મહારાજ એરપોર્ટ' રાખવામાં આવ્યું છે ?

– ઔરંગાબાદ એરપોર્ટ

36. ભારતની કઈ સંસ્થા દ્વારા 'SCORES' નામની મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી છે ?

– SEBI (SEBIનું પૂરું નામ Securities and Exchange Board of India છે.)

37. QS વર્લ્ડ રેન્કિંગમાં ભારતની કઈ બે એન્જિનિયરિંગ કોલેજોનો ટોપ 50માં સમાવેશ થયો છે ?

– IIT મુંબઈ અને IIT દિલ્હી (જેમાં IIT મુંબઈ 44મા અને IIT દિલ્હી 47મા ક્રમે છે.)

38. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા QS વર્લ્ડ રેન્કિંગમાં ભારતની એન્જિનિયરિંગ કોલેજોમાંથી કઈ કોલેજ પ્રથમ ક્રમે છે ?

– IIT મુંબઈ

39. તાજેતરમાં કેન્દ્ર સરકારે ભારતમાં 10 સરકારી બેન્કોના મર્જરની જાહેરાત કરી છે...આ મર્જર બાદ ભારતમાં જાહેર ક્ષેત્રની બેન્કોની કુલ સંખ્યા કેટલી થઈ જશે ? – 12

40. વર્ષ 2020નો પ્રિત્ઝકર એવોર્ડ કોને એનાયત થયો છે ?

– સુશ્રી યવોન ફેરેલ અને સુશ્રી શેલી મેકનમારા (આયર્લેન્ડ)

(પ્રિત્ઝકર પુરસ્કાર એ વાસ્તુકળા અથવા તો Architect સેક્ટરનો સર્વોચ્ચ પુરસ્કાર છે.)

41. વિશ્વની કઈ સંસ્થાએ કોરોના વાઈરસ (COVID-19)ના સામના માટે 12 બિલિયન ડોલરની સહાયની જાહેરાત કરી છે ? – World Bank

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

સૌથી વધુ ઉમેદવારોને સૌથી ઊંચી સફળતા
અપાવનાર સંસ્થા

2020

# ICE®

**INSTITUTE FOR COMPETITIVE EXAMS**

## A COACHING CLASS FOR GOVERNMENT JOB

### ગાંધીનગર

Gh-2, Sector-6, 2nd Floor,
Near Iscon Gathiya,
Gandhinagar-382006

**CALL : 81406-01110 / 81407-01110**

### રાજકોટ

**HEAD OFFICE**
SHREE SADGURU SHOPPING CENTRE,
2nd FLOOR, Nr. AKSHAR MANDIR, OPP. TIRUPATI
PETROL PUMP, KALAWAD ROAD, RAJKOT

**MO. 93757-01110 / 93280-01110**

### જૂનાગઢ

Perry Plaza Complex, 2nd Floor,
Near Alkapuri Society, Zanzarda
Road, Junagadh - 3620001

**CALL : 76985-01110/76986-01110**

### અમદાવાદ

127, Ratna Business Square, Old Natraj
Cinema, Opp. H.K. Collage, Ashram Road,
Ahmedabad - 380009

**CALL : 8469501110/8469601110**

## ALL TYPE OF COMPETITIVE EXAMS

- GPSC
- STI
- PI
- PSI/ASI
- Dy. S.O.
- Dy.MAM.
- TALATI
- CONSTABLE
- IBPS
- SBI
- PO
- CLERK

Website iceonline.in | JOIN TELEGRAM t.me\icerajkotofficial | YouTube icerajkot | Facebook icerajkot | INSTAGRAM icerajkot